# સાધ્યની દૃષ્ટિએ સાધક નયાવતાર

[ આત્માના સંબંધમાં સાત નયો નીચે ઈન્વર્ટેડ ક્રોમામાં મૂકાયેલ ચૌદ બોલમાં ઉતારેલા, જે 'તત્ત્વજ્ઞાન' નામક પુસ્તિકામાં વાંચવામાં આવેલ, જેનો આશય પરમ ગંભીર હોઈ, એક વિદ્વાન્ સદ્‌ગૃહસ્થને આનો ટૂંકો ભાવાર્થ સમજાવવા જણાવેલ; તે ઉપરથી સાધકજનોને ઉપયોગી ધારી અત્ર લેખાકારે આપવામાં આવે છે. ]

૧. 'એવંભૂતદૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર.'

જેવા પ્રકારે શુદ્ધ નિશ્ચયથી આત્માની એવંભૂત શુદ્ધ સ્વરૂપસ્થિતિ છે, તે દૃષ્ટિ લક્ષમાં રાખી ઋજુસૂત્રપણે–વર્તમાન પર્યાયમાં તથાપ્રકારે સ્થિતિ કર! એટલે કે–વર્તમાનમાં શુદ્ધ સ્વરૂપમાં વર્ત્ય.

૨. 'ઋજુસૂત્રદૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર.'

અને વર્તમાન પર્યાયની ઋજુસૂત્રની દૃષ્ટિએ પણ જેવા પ્રકારે આત્માનું એવંભૂત શુદ્ધ નિશ્ચયસ્વરૂપ છે, તેવા પ્રકારે સ્થિતિ કર! અથવા વર્તમાન વ્યવહારરૂપ આચરણની દૃષ્ટિએ પણ જેવું શુદ્ધ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિ કર! શુદ્ધ સ્વરૂપ થા!

૩. 'નૈગમદૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર.'

નૈગમદૃષ્ટિથી એટલે કે–જેવા પ્રકારે ચૈતન્યલક્ષણથી આત્મા લોકપ્રસિદ્ધ વ્યવહારથી વ્યવહારાય છે, તે દૃષ્ટિથી લક્ષમાં રાખી એવંભૂત શુદ્ધ ચૈતન્યસ્વરૂપે સ્થિતિ કર! અથવા નૈગમ એટલે જેવા પ્રકારે વીતરાગભક્તિ, વૈરાગ્ય આદિ મોક્ષ-સાધક વ્યવહાર લોકપ્રસિદ્ધ છે, તે દૃષ્ટિથી–તથારૂપ વ્યવહાર આચરણની દૃષ્ટિથી એવંભૂત એટલે કે–જેવા પ્રકારે આત્મ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરૂપ છે તેવા પ્રકારે થા ! આ લોકપ્રસિદ્ધ વ્યવહાર આચરીને પણ નિરંતર એવંભૂત–યથોક્ત આત્મસ્વરૂપ પામવાનો જ લક્ષ રાખ !

૪. 'એવંભૂતદષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.'

અને એવંભૂતદૃષ્ટિથી એટલે સાધ્ય એવા શુદ્ધ આત્મ-સ્વરૂપને નિરંતર લક્ષમાં રાખી નૈગમથી ચૈતન્યલક્ષણ આત્માને વિશુદ્ધ કર ! અથવા લોકપ્રસિદ્ધ મોક્ષસાધક વ્યવહારને વિશુદ્ધ કર !

૫. 'સંગ્રહદષ્ટિથી એવંભૂત થા.'

સામાન્યગ્રાહિ એવા સંગ્રહનયની દૃષ્ટિથી એવંભૂત થા ! સંગ્રહનયની દૃષ્ટિની અપેક્ષાએ સર્વ જીવ સત્તાથી સિદ્ધ સમાન છે. આ દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત થા ! અર્થાત્ જેમ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિને પામેલો થા ! એવો સ્વરૂપસ્થ થા !

૬. 'એવંભૂતદષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર.'

એવંભૂત અર્થાત્ જેવું યથાસ્થિત શુદ્ધ સહજ આત્મ-સ્વરૂપ છે, તેવી દૃષ્ટિથી તે અપેક્ષા દૃષ્ટિસન્મુખ રાખી સંગ્રહ અર્થાત્ જે પોતાની સ્વરૂપસત્તા છે તે વિશુદ્ધ કર ! એટલે કે–શુદ્ધ નિશ્ચયસ્વરૂપ લક્ષમાં રાખી તેને અનુકૂળ શુદ્ધ વ્ય-વહારનું એવું અનુષ્ઠાન કર, કે જેથી કરીને–જે સાધનવડે કરીને તે એવંભૂત આત્મારૂપ સાધ્ય સિદ્ધ થાય.

૭. 'વ્યવહારદષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.'

વ્યવહારદૃષ્ટિથી એટલે પરમાર્થસાધક વ્યવહારદૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા ! શુદ્ધ સ્વરૂપ પ્રત્યે જા ! કારણ કે–સર્વ વ્યવહાર–સાધનનું એક જ સાધ્ય સ્વરૂપસિદ્ધિ છે.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

૮. ' એવંભૂત દષ્ટિથી વ્યવહાર વિનિવૃત્તિ કર. '

એવંભૂત–નિશ્ચયરૂપ શુદ્ધ સ્વરૂપદષ્ટિ લક્ષમાં રાખી વ્યવહાર વિનિવૃત્તિ કર! એવી ઉત્તરોત્તર ચઢતી આત્મદશા ઉત્પન્ન કરતો જા, કે જેથી પછી વ્યવહાર–સાધનની વિનિવૃત્તિ થાય, અપેક્ષા ન રહે. (કારણ કે–સમસ્ત વ્યવહાર નિશ્ચયની સિદ્ધિ માટે છે. તેની સિદ્ધિ થતી જાય છે, તેમ તેમ વ્યવહારની નિવૃત્તિ થાય છે.)

૯. ' શબ્દદષ્ટિથી એવંભૂત પ્રત્યે જા. '

શબ્દદષ્ટિથી એટલે આત્મા શબ્દના ખરેખરા અર્થમાં એવંભૂત–શુદ્ધ સ્વરૂપ પ્રત્યે જા! દાખલા તરીકે–જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રત્યે ગમન–પરિણમન કરે તે આત્મા. એમ 'આત્મા' શબ્દનો અર્થ છે. આ શબ્દના યથાર્થ અર્થરૂપ દષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત પ્રત્યે જા! શુદ્ધ આત્મસ્વરૂપને પામ!

૧૦. ' એવંભૂતદષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર. '

એવંભૂત–શુદ્ધ સ્વરૂપલક્ષી દષ્ટિથી શબ્દને–યથાર્થ અર્થરૂપ 'આત્મા' નામધારી શબ્દને નિર્વિકલ્પ કર! અર્થાત્ 'આત્મા' સિવાય જ્યાં બીજો કાંઈ પણ વિકલ્પ વર્તતો નથી એવો કર! નિર્વિકલ્પ આત્મધ્યાનને–શુક્લધ્યાનને પામ!

૧૧. ' સમભિરૂઢદષ્ટિથી એવંભૂત અવલોક. '

સમભિરૂઢ–નિશ્ચયસ્વરૂપની સાધનામાં સમ્યક્પણે અભિરૂઢ–અતિ ઉંચે ચઢેલ ઉચ્ચ ગુણસ્થાનસ્થિતિને પામેલ એવી દષ્ટિથી, એવંભૂત એટલે જેવા પ્રકારે મૂળ શુદ્ધ આત્મસ્વરૂપ છે તે અવલોક! જો! કારણ કે–સમભિરૂઢ સ્થિતિવાળાને પ્રત્યક્ષ પ્રગટ એવંભૂત આત્મદર્શન–કેવલદર્શન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨. 'એવંભૂતદષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર.'

એવંભૂત–શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિથી સમભિરૂઢ–આત્મસ્વરૂપમાં સમ્યક્‌પણે અત્યંત આરૂઢ, એવી પરમ યોગદશાસંપન્ન સ્થિતિ કર ! સ્વરૂપારૂઢ થા ! યોગારૂઢ સ્થિતિ કર !

૧૩. 'એવંભૂતદષ્ટિથી એવંભૂત થા.'

એવંભૂતદૃષ્ટિથી–શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિથી લક્ષમાં રાખી એવંભૂત થા ! અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપમાં જેણે સ્થિતિ કરી છે એવો સ્વરૂપસ્થિત થઈ જા !

૧૪. 'એવંભૂતસ્થિતિથી એવંભૂતદષ્ટિ શમાવ.'

અને આવા પ્રકારે એવંભૂતસ્થિતિથી–યથાસ્થિત શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિતિથી એવંભૂત અર્થાત્ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિ શમાવ ! અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપ જે ત્હારૂં સાધ્ય, ધ્યેય, લક્ષ હતું, તે શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં તો તું હવે સ્થિત થઈ ચૂકયો છે, એટલે હવે જૂદી એવી એવંભૂતદૃષ્ટિ રહી નથી. દૃષ્ટિ અને સ્થિતિ બન્ને એકરૂપ--એકાકાર થઈ ગયા છે, એકમેકમાં સમાઇ ગયા છે, તન્મય થઈ ગયા છે; એટલે હવે એનું અલગ–જૂદું ગ્રહણ કરવાપણું રહ્યું નથી. 'દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ' તેં ઉત્પન્ન કરી દીધી છે, માટે હે પરબ્રહ્મ ! હવે તે એવંભૂતદૃષ્ટિને પણ સમાવી દે, કારણ કે–તે તું જ છો. દૃષ્ટિ અને સ્થિતિની એકરૂપતારૂપ પરમ સિદ્ધ અભેદરૂપ, પરમ નિશ્ચયરૂપ તેમજ પરમ યોગદશાને તું પામ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org